પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૭૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૪-૦૭-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### યમુનાએ ધર્યું રૌદ્રરૂપ

## લાલ કિલ્લાથી લઈને મુખ્યમંત્રીના ઘર સુધી પૂરના પાણી, શાળાઓ બંધ, અનેક વિસ્તારોમાં બોટો તરવા લાગી



નાવીદિલ્હી,

રાજધાની દિલ્હીમાં પૂરનો ખતરો સતત વધી રહ્યો છે. દિલ્હીના ઘણા વિસ્તારો આ સમયે યમુના નદીમાં આવેલ પૂરમાં ડૂબી ગયા છે અને એ કારણે રસ્તાઓ પર પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. યમુનામાં પાણીનું જળસ્તર વધવાને કારણે ગુરુવારે દિલ્હી સચિવાલયમાં પાણી ભરાય ગયા છે જ્યાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, તેમના મંત્રીમંડળનું નિવાસસ્થાન-ઓફિસ છે. જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને દિલ્હી સચિવાલયમાં પાણી ભરાવાની માહિતી મળી છે. તેમણે કહ્યું કે તેઓ પરિસ્થિતિને લઈને ટ્રાફિક પોલીસ અને અન્ય એજન્સીઓ સાથે સંકલન કરી રહ્યા છે. રાજઘાટથી દિલ્હી સચિવાલય તરફ જતો માર્ગ પણ પાણી ભરાઈ ગયો છે. અધિકારીઓએ જણાવ્યું કે, કાશ્મીરી ગેટ અને ઓલ્ડ આયર્ન બ્રિજ વચ્ચેનો રિંગરોડ પાણી ભરાઈ ગયો હતો અને ત્યાં રસ્તા બંધ કરવામાં આવ્યા છે.

એક ટ્વિટમાં કેજરીવાલે અસરગ્રસ્ત વિસ્તારોમાં શાળાઓ બંધ કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, "દિલ્હીના વિસ્તારોમાં જ્યાં પાણી ભરાઈ રહ્યું છે ત્યાં તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ કરવામાં આવી રહી છે." દિલ્હીના જે વિસ્તારોમાં પાણી ભરાઈ રહ્યા છે ત્યાં તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ કરવામાં આવી રહી છે. અરવિંદ કેજરીવાલે આ વાત કહી છે. જણાવી દઈએ કે દિલ્હીના મોટા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. આવી સ્થિતિમાં લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. એમસીડીએ પણ તેની શાળાઓ બંધ કરવાની જાહેરાત કરી છે.

સીએમ અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યું છે કે યમુના, વજીરાબાદ, ચંદ્રવાલ અને ઓખલામાં પાણીના સ્તરમાં વધારો થવાને કારણે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવા પડ્યા છે. જેના કારણે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પાણીની સમસ્યા સર્જાશે. જેમ જેમ યમુનાનું પાણી ઓછું થશે, અમે તેને શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવાનો પ્રયાસ કરીશું. જળ સંકટને કારણે સમસ્યાઓને ઓછી કરવા માટે, સીએમ કેજરીવાલ પોતે આજે સવારે ૧૧ વાગે વજીરાબાદ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પહોંચ્યા અને પરિસ્થિતિની સમીક્ષા કરી. તેમણે કહ્યું કે લોકોને ૧-૨ દિવસ પાણીની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

મહેસૂલ મંત્રી આતિશીએ કહ્યું કે, દિલ્હી સરકારે પૂરથી પ્રભાવિત વિસ્તારોમાં લોકોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે ૫૦ બોટની વ્યવસ્થા કરી છે. તેમણે જણાવ્યું કે પલ્લાથી ઓખલા બેરેજ સુધી નદીના દરેક વિભાગ પર બે કિલોમીટરના અંતરે બોટ તૈનાત કરવામાં આવી છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ એક એડવાઈઝરી જાહેર કરીને લોકોને સુરક્ષિત જગ્યાએ ખસી જવા જણાવ્યું છે. એ પણ કહ્યું કે લોકોએ વીજ લાઈનોથી દૂર રહેવું જોઈએ અને કોઈપણ જરૂરિયાત માટે હેલ્પલાઈન નંબર ૧૦૭૭ પર સંપર્ક કરવો જોઈએ.


યમુનાનું જળસ્તર વધવાને કારણે ડૂબ વિસ્તારના ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયા છે. તેથી અહીં રહેતા હજારો લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મજનુ કા ટીલા અને વજીરાબાદ વચ્ચેના પટ સહિત રીંગ રોડના કેટલાક ભાગોમાં પાણી ભરાવાને કારણે ટ્રાફિક ખોરવાઈ ગયો છે. મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તેમના ઘર ખાલી કરીને ત્યાં રહેવા વિનંતી કરી છે. આ તરફ આઈએમડીએ આગામી ૨ દિવસમાં ઉત્તરાખંડમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

સીએમ કેજરીવાલે કહ્યું કે, હું નીચાણવાળા વિસ્તારોમાં રહેતા તમામ લોકોને બહાર જવાની વિનંતી કરું છું કારણ કે પાણીનું સ્તર અચાનક વધી જશે અને તમારા જીવને જોખમ થઈ શકે છે. કેજરીવાલે યમુનાનું સ્તર વધુ ન વધે તેની ખાતરી કરવા માટે કેન્દ્રને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને લખેલા પત્રમાં, તેમણે વિનંતી કરી કે, જો શક્ય હોય તો હરિયાણાના હથિનીકુંડ બેરેજમાંથી મર્યાદિત દરે પાણી છોડો. તેમણે કહ્યું કે, દેશની રાજધાનીમાં પૂરના સમાચારથી દુનિયામાં સારો સંદેશ નહીં જાય. આપણે સાથે મળીને દિલ્હીના લોકોને આ પરિસ્થિતિમાંથી બચાવવાના છે.

દિલ્હીના બાદરપુર વિધાનસભા ક્ષેત્રના જેતપુર પાર્ટ-૨ની વિશ્વકર્મા કોલોનીમાં પાણી સતત વધી રહ્યું છે. જેના કારણે અહીં રહેતા લોકોને શાળા, મંદિર અને મદરેસામાં ખસેડવામાં આવી રહ્યા છે. પાણી વધવાથી લગભગ ૫૦૦૦ લોકો પ્રભાવિત થયા છે. તમને જણાવી દઈએ કે વિશ્વકર્મા કોલોનીમાં બુધવારે સવારથી પાણી વધવાની પ્રક્રિયા શરૂ થઈ હતી જે સતત ચાલુ છે. સ્થાનિક ધારાસભ્ય અજય મહાવરે જણાવ્યું કે, ઉત્તરપૂર્વ દિલ્હીના ગઢી મેંડુ અને ઉસ્માનપુર ગામમાં પૂરનું પાણી ચાર ફૂટથી વધુ વધી ગયું છે. અહીં રહેતા લોકોને પહેલાથી જ સુરક્ષિત જગ્યાએ લઈ જવામાં આવ્યા છે. આ સાથે સવારે ૪ વાગ્યાની આસપાસ વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. આ તરફ મજનુ કા ટીલા અને કાશ્મીરી ગેટ સહિત ઘણા વિસ્તારોમાં પૂરના પાણી રિંગરોડ સુધી પહોંચી ગયા હતા. યમુના કિનારે આવેલ ગ્રીન બેલ્ટ પાણીથી ભરાઈ ગયો હતો. દિલ્હી સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સિંચાઈ અને પૂર નિયંત્રણ વિભાગે પૂરના પાણીને રિંગરોડમાં પ્રવેશતા અટકાવવા માટે રેતીની થેલીઓ મૂકી છે.

જણાવી દઈએ કે દિલ્હીમાં યમુનાનું રેકોર્ડ જળસ્તર અગાઉ ૧૯૭૮માં ૨૦૭.૪૯ મીટર હતું, આ રેકોર્ડ બુધવારે જ તૂટી ગયો હતો. હવે ગુરુવારે આ આંકડો ૨૦૮.૪૧ મીટરે પહોંચી ગયો છે, એટલે કે અગાઉના રેકોર્ડ કરતાં લગભગ એક મીટર ઉપર પાણી વહી રહ્યું છે, જેના કારણે દિલ્હીના નીચાણવાળા વિસ્તારો ડૂબી ગયા છે.

## ‘સાગર દાણ’ કૌભાંડ : વિપુલ ચૌધરી સહિત તમામ ૧૫ આરોપીઓને ૭ વર્ષની સજા



મહેસાણા,

મહેસાણાની દૂધસાગર ડેરીમાં સાગર દાણ કૌભાંડ મામલે વિપુલ ચૌધરીને મોટો ઝટકો લાગ્યો છે. મહેસાણા ચીફ કોર્ટે સાગર દાણ કૌભાંડમાં વિપુલ ચૌધરી સહિત ૧૫ આરોપીને દોષિત જાહેર કર્યા છે.જે બાદ કોર્ટે તમામને ૭ વર્ષની સજા ફટકારી છે. દૂધસાગર ડેરીમાંથી વર્ષ ૨૦૧૩માં ૨૨.૫૦ કરોડનું સાગરદાણ મહારાષ્ટ્ર મોકલવામાં આવ્યું હતું. જે બાદ કુલ ૨૨ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. ૨૨ આરોપીઓમાંથી ૩ આરોપીઓના મૃત્યુ થઈ ચૂક્યા છે. જ્યારે કૌભાંડ કેસમાં સંડોવાયેલા ૪ કર્મચારીઓને દોષમુક્ત જાહેર કરાયા છે. ૧૫ ઓરોપીઓને દોષિત જાહેર કરાયા છે. મહારાષ્ટ્રમાં દૂધસાગર ડેરીમાંથી સાગર દાણ મોકલાયું હતું. કોઈપણ મંજૂરી વિના સાગર દાણ મહારાષ્ટ્ર મોકલાયું હતું. જેને પગલે ડેરીને રૂપિયા ૨૨.૫૦ કરોડનું નુકસાન થયું હતું. તત્કાલિન કૃષિમંત્રી શરદ પવારને રિઝવવા સાગરદાણ મોકલાયું હોવાનો આક્ષેપ છે. વિપુલ ચૌધરીને એનડીડીબીના ચેરમેન બનવાની ઈચ્છા હતી. જેને પગલે એ વખતના કૃષિમંત્રી શરદ પવારને રિઝવવા માટે સાગરદાણ મોકલાયું હોવાના આક્ષેપ થયા હતા. મહારાષ્ટ્રમાં દુકાળનું કારણ આગળ ધરીને દૂધ સાગર ડેરીમાંથી મહારાષ્ટ્રની મહાનંદાડેરીને સાગરદાણ મોકલાયું હતું, આ અંગે કોઈપણ જાતની મંજૂરી લેવામાં આવી ન હતી. GMMFCની મંજૂરી વિના જ સાગરદાણ મોકલાયું હતું. સાગરદાણ મોકલવા અંગે ૧૭ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ વિપુલ ચૌધરીને જવાબદાર ઠેરવાયા હતા. જે બાદ ૩૦ દિવસમાં વિપુલ ચૌધરીને રકમ પરત કરવા આદેશ કરાયો હતો. સાથે જ વિપુલ ચૌધરીને ડેરીની ચૂંટણી લડવા પર પ્રતિબંધ લગાવાયો હતો. પ્રતિબંધ હોવા છતાં વિપુલ ચૌધરી ડેરીની ચૂંટણી લડ્યા હતા. ચૂંટણી લડી વિપુલ ચૌધરી ડેરીના ચેરમેન બન્યા હતાચેરમેન બન્યા બાદ હાઈકોર્ટના આદેશથી બરતરફ કરાયા હતા. વિપુલ ચૌધરી રાજપાની સરકારમાં ગૃહમંત્રી હતા. વિપુલ ચૌધરી ભાજપમાંથી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. ભાજપમાં હતા ત્યારે જીએમએમએફસીના ચેરમેન પણ બન્યા હતા.

### ચંદ્રયાન-૩ના પ્રક્ષેપણ માટે તૈયાર

## મિશનની સફળતા માટે ઈસરોના વૈજ્ઞાનિકો તિરુપતિ વેંકટચલપતિ મંદિર પહોંચ્યા

શ્રીહરિકોટા,

અપગ્રેડેડ બાહુબલી રોકેટ એટલે કે લોન્ચ વ્હીકલ માર્ક-૩ (એમવી-૩) આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્ટેશન પર ચંદ્રયાન-૩ના પ્રક્ષેપણ માટે તૈયાર છે. સ્ફ-૩ નો લોન્ચિંગ સક્સેસ રેટ ૧૦૦% છે. નોંધનીય છે કે, મિશન ચંદ્રયાન-૩નું કાઉન્ટડાઉન આજે બપોરથી શરૂ થશે અને પ્રક્ષેપણ શુક્રવારે બપોરે ૨.૩૫ કલાકે સતીશ ધવન સ્પેસ સેન્ટરથી થશે. જેને લઈ હવે દેશવાસીઓ સહિત દુનિયાની નજર આ લોન્ચિંગ પર છે.

આ બધાની વચ્ચે મિશનની સફળતા માટે ઈસરોના વૈજ્ઞાનિકો તિરુપતિ વેંકટચલપતિ મંદિર પહોંચ્યા હતા અને પુજા અર્ચના કરી હતી અને સફળતા માટે પ્રાર્થના કરી હતી વૈજ્ઞાનિકો તેમની સાથે ચંદ્રયાન-૩નું લઘુચિત્ર મોડલ પણ પૂજા માટે લઈ ગયા હતા. ચંદ્રયાન ૨૪-૨૫ ઓગસ્ટે ચંદ્ર પર ઉતરશે. આગામી ૧૪ દિવસ સુધી રોવર લેન્ડરની આસપાસ ૩૬૦ ડિગ્રીમાં ફરશે અને અનેક પરીક્ષણો કરશે. લેન્ડર ચંદ્રની સપાટી પર રોવર દ્વારા બનાવેલા વ્હીલ માર્કસની તસવીરો પણ મોકલશે.

માત્ર ચંદ્ર પર રાષ્ટ્રધ્વજ લગાવનાર ચોથો દેશ જ નહીં, ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક પહોંચનાર પ્રથમ દેશ પણ બનશે. આ એ જ વિસ્તાર છે જ્યાં ચંદ્રયાન-૧ દરમિયાન મૂન ઈમ્પેક્ટ પ્રોબ છોડવામાં આવી હતી અને ઈસરોએ પાણી શોધી કાઢ્યું હતું. ચંદ્રયાન-૨નું ક્રેશ લેન્ડિંગ અહીં થયું હતું.

ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળને કારણે પૃથ્વી ધીમે ધીમે ફરે છે. જો ચંદ્ર ન હોત, તો પૃથ્વી ઝડપથી ફરશે, દિવસ ઝડપથી પસાર થશે. દિવસ માત્ર છ કલાકનો હશે. જો ચંદ્ર ન હોય તો આપણે ન તો ચંદ્રગ્રહણ જોઈ શકીશું કે ન તો



સૂર્યગ્રહણ. જ્યારે પૃથ્વી પર ચંદ્રગ્રહણ થાય છે, ત્યારે ચંદ્ર પર સૂર્યગ્રહણ થાય છે. પૃથ્વી પરથી સૂર્ય અને ચંદ્ર સમાન કદના દેખાય છે. સૂર્ય કરતાં પૃથ્વીની ૪૦૦ ગણી નજીક હોવાને કારણે ચંદ્ર સૂર્યની સરખામણીમાં દેખાય છે. પૃથ્વી પરથી ચંદ્રનો માત્ર ૫૫% થી ૬૦% ભાગ જ દેખાય છે. અત્યાર સુધીમાં ૧૨ માણસો ચંદ્ર પર ગયા છે. જોકે ૧૯૭૨ પછી છેલ્લા ૫૧ વર્ષોમાં ચંદ્રની સપાટી પર કોઈ માનવી ઉતર્યો નથી.

આ વખતે લેન્ડરમાં ચાર એન્જીન (થ્રસ્ટર્સ) ચાર ખૂણામાં ફીટ હશે, પરંતુ છેલ્લી વખતે વચ્ચેનું પાંચમું એન્જીન દૂર કરવામાં આવ્યું છે. આ સિવાય ફાઈનલ લેન્ડિંગ બે એન્જિનની મદદથી જ કરવામાં આવશે, જેથી બે એન્જિન ઈમરજન્સીમાં કામ કરી શકે. આ વખતે કોઈ ઓર્બિટર નથી પરંતુ એક પ્રોપલ્શન મોડ્યુલ હશે જે લેન્ડર અને રોવરથી અલગ થયા પછી પણ ચંદ્રની આસપાસ ફરશે અને ચંદ્ર પરથી પૃથ્વી પરના જીવનના સંકેતોને ઓળખવાનો પ્રયાસ કરશે. ભવિષ્યમાં આ ડેટાનો ઉપયોગ અન્ય ગ્રહો, ઉપગ્રહો અને તારાઓ પર જીવનની શોધમાં થઈ શકે છે. લેન્ડરમાં ૫, રોવરમાં ૨ સાધનો છે. તેઓ તાપમાન, માટી અને વાતાવરણમાં હાજર તત્વો અને વાયુઓ શોધી કાઢશે.

૨૦૧૯માં ચંદ્રયાન-૨ની આંશિક સફળતા પછી, ૪ વર્ષમાં, જીઈ એ ચંદ્રયાન-૩ની દરેક સંભવિત ખામીનો સામનો કરવા માટે સતત આવા પરીક્ષણો કર્યા. ઉદાહરણ તરીકે, નિષ્ફળતાના કિસ્સામાં શું થશે અને તેના ઉકેલો અથવા વિકલ્પો શું હોઈ શકે.




## ૪૦ કંપનીઓ પર ૧૦ હજાર કરોડ રૂપિયાનો GST નહીં ચૂકવવાનો આરોપ



નવીદિલ્હી,

ભારતમાં સ્માર્ટફોન યુઝર્સની સંખ્યા વધવાની સાથે ટિનેજ અને યુવા વર્ગના લોકોમાં મોબાઈલ ડિવાઈસ પર ગેમ કરવાનો ક્રેઝ વધી રહ્યો છે. જેથી ઓનલાઈન ગેમ કંપનીઓને ભારતમાં મોકળુ મેદાન મળી રહ્યુ છે. જો કે તાજેતરમાં આવેલા એક અહેવાલે ઓનલાઈન ગેમિંગ કંપનીઓની ચિંતા વધારી દીધી છે.જેનું સૌથી મોટું કારણ એજ છે કે, જીએસટી કાઉન્સિલની ૫૦મી બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે કે, ઓનલાઈન ગેમિંગ અને હોર્ષ રેસિંગ પર હવે ૨૮ ટકા જીએસટી વસુલવામાં આવશે.

૨૮ ટકા જીએસટી સ્લેબમાં મૂકવામાં આવતાજ ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ પર ઊંચા કરવેરાનું દબાણ રહેશે કારણ કે તેમની ફીમાં જીએસટી સામેલ છે. અલબત્ત વપરાશકારો પાસેથી વસૂલવામાં આવતી પ્લેટફોર્મ ફીના માર્જિનને વધારીને ઉંચી જીએસટીની અસરને સરભર કરી શકાય છે. પરંતુ ઊંચી ફી નવા યુઝર્સની સંખ્યા વધારવા પર પ્રતિકૂળ અસર કરી શકે છે. પ્લેટફોર્મ ફી સામાન્ય રીતે એક નાની રકમ હોય છે.

ડિરોક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈંટેજિલેંસએ ૪૦ ઓનલાઈન ગેમિંગ કંપનીઓને જીએસટી નોટિસ બજાવશે તેવી સ્પષ્ટતા થઈ ચૂકી છે. જેનું મુખ્ય કારણ એજ છે કે, આ ૪૦ કંપનીઓ પર ૧૦ હજાર કરોડ રૂપિયા નહીં ચૂકવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. સાથો-સાથ ગેમ્સક્રાફ્ટ કંપનીના કેસના ચુકાદા સામે કેન્દ્ર સરકાર સુપ્રીમમાં અપીલ ફાઈલ કરશે. ડીજીજીઆઈએ બેંગલુરુ બેસ્ડ ઓનલાઈન ગેમિંગ કંપની ગેમ્સક્રાફ્ટ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડને ૨૧,૦૦૦ કરોડ રૂપિયાના બાકી ટેક્સની નોટિસ મોકલી હતી.

ગેમ્સક્રાફ્ટ કંપની પર ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનું જીએસટી નહીં ચુકવવાનો આરોપ છે અને આ કારણ બતાઓ નોટિસ ૨૦૧૭થી ૩૦ જૂન ૨૦૨૨ના સમયે આપવામાં આવી છે. ગેમ્સક્રાફ્ટ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ પર કાર્ડ, કેઝ્યૂઅલ અને રમી કલચર જેવી ફેંટેસી ગેમ્સ દ્વારા ઓનલાઈન બેટીંગને પ્રોત્સાહન આપવાનો આરોપ છે. તુજ નહીં જીએસટી કાઉન્સિલ ના નિર્ણય બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ એક્સિસ એન્ડ કસ્ટમ એ દરેક પેન્ડિંગ કેસ જે કોર્ટમાં છે તેને આ અંગે સૂચિત કરશે અને આ કામગીરીના ભાગરૂપે સર્વ પ્રથમ ૪૦ ઓનલાઈન કંપની ઉપર એક્શન લેશે. ગેમ્સ ક્રાફ્ટ કંપનીએ જણાવ્યું છે કે તેમના દ્વારા જે ગેમ રમાડવામાં આવે છે તે કૌશલ્યને ઉજાગર કરે છે માટે આ ગેમ ઉપર ૨૮ ટકા નહીં પરંતુ ૧૮ ટકા જીએસટી હોવો જોઈએ.

જીએસટી કાઉન્સિલ ની કોઈ પૂરતી સૂચના ન હોવાના કારણે કેન્દ્ર સરકારે ગેમ્સ ક્રાફ્ટ કંપની અંગેની અપીલ સુપ્રીમમાં દાખલ કરી નથી પરંતુ હવે જ્યારે જીએસટી કાઉન્સિલે સ્પષ્ટતા કરી છે કે ઓનલાઈન ગેમિંગ કંપની અને હોર્સ રેસિંગ પર ૨૮% જીએસટી વસૂલવામાં આવશે ત્યારે ગેમિંગ ઉદ્યોગને ઘણી માઠી અસરનો સામનો પણ કરવો પડશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# ખાનપુર આદિવાસી અગ્રણી દ્વારા UCCના વિરોધમાં મામલતદારને આવેદન



ખાનપુર,
ખાનપુર મામલતદાર કચેરીમાં આદિવાસી સમાજના અગ્રણીઓ તેમજ ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ દ્વારા ગઈઈ ના કાયદાના વિરૂદ્ધમાં મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આદિવાસી સમાજ દ્વારા ગઈઈનો વિરોધ કરવામાં આવ્યો હતો અને જણાવેલું કે કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી સમાજને નુકશાનકારક એવા UCC કેન્દ્ર સરકાર દ્વારા અમલ કરવાની દિશામાં ચક્રોગતિમાન કરવામાં આવેલ છે. આ યુસીસીના કાયદાના અમલથી આદિવાસીઓના સંવિધાનિક હક્કો છીનવાઈ જાય તેવી થિયરીની રચના થઈ રહેલ છે. તે માટે મામલતદાર કચેરીમાં આદિવાસી સમાજ દ્વારા તેમજ લુણાવાડા-ખાનપુર ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને સમગ્ર આદિવાસી સમાજ દ્વારા જાહેરમાં યુસીસીનો ખુલ્લો વિરોધ કરેલો હતો. આ કાયદા બાબતે કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજકીય પક્ષો સાથે બેઠક કરી દરેક સમાજના આગેવાનો સાથે ચર્ચા કરીને UCC ડ્રાફ્ટને દેશની જનતા સમક્ષ મૂકવામાં આવવો જોઈએ. આવેદનપત્ર મહીસાગર જીલ્લા કલેક્ટર દ્વારા ગુજરાત રાજ્યપાલ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યના આદિવાસી વિકાસ મંત્રી, ભારત દેશના પ્રધાનમંત્રી તથા ભારત દેશના મહામહિમ રાષ્ટ્રપતિ સુધી પહોંચાડવા આવેદન આપ્યું હતું.

# દાહોદ જીલ્લાના દેવગઢબારિયા ખાતે મહિલા અધિકારો માટે સમુદાય અને પ્રશાસનની ભૂમિકા વિશે કાર્ય શિબિર યોજાઈ



દે.બારિયા,
દેવગઢબારીયા તાલુકા પંચાયત ખાતે મહિલા માનવ અધિકારો માટે પંચાયત, સમુદાય અને પ્રશાસનની સહિયારી ભૂમિકા વિશે સફળતા પુર્વક શિબિર યોજાઇ હતી. જેમાં પર ગામની ૧૪૭ મહિલાએ ઉત્સાહભેર ભાગ લઇ માહિતી મેળવી હતી.
કાર્યક્રમની શરૂઆતમાં ગુલીબેન નાયક પ્રમુખ દેવગઢ મહિલા સંગઠન દ્વારા ઉપસ્થિત મહિલાઓ અને અધિકારીઓનું સ્વાગત કરવામા આવ્યું હતું અને સંગઠનની મહીલાલક્ષી કામગીરીની માહિતી આપી હતી. ઇનસબેન દ્વારા કાર્યક્રમનું સંચાલન કર્યુ.
ચંદ્રકાંત મકવાણા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અભયમ,૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા મહિલાઓ પર થતી શારિરિક, માનસીક, જાતિય હિંસા સાથે ઘરેલુ હિંસામાં મદદ, માર્ગદર્શન અને બચાવ માટે ૨૪/૭ કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પ લાઇનમાં કોલ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. પટેલ દહેજ પ્રતિબંધક અધિકારી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ગંગા સ્વરૂપા વિધવા યોજના, વ્હાલી દિકરી યોજનાની વિગતે માહિતિ આપી હતી.
ચંદ્રિકાબેન પોલીસ સ્ટેશન તરફ થી મહિલાના સ્વ.બચાવ, પોલીસ કાર્યવાહિ વગેરે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન આનંદી સંસ્થાના કાર્યકર શીતલબેન, સીમાબેન તરફ થી કરવામાં આવ્યું હતું.

# ધાનપુરમાં જેઠના ત્રાસથી બાજ આવેલી પરિણીત મહિલાની મદદે આવેલી ૧૮૧ અભયમ ટીમે સુખદ સમાધાન કરાવ્યું

ધાનપુર,
ધાનપુર તાલુકાની પરણીતાનો પતિ બહારગામ મજુરી અર્થે ગયેલો હોવાથી તે દરમિયાન તેનો જેઠ દારૂના નશામાં ચકનાચુર થઈ પનીતાને ત્રાસ આપતો હોવાથી આખરે જેઠના ત્રાસથી વાંચ આવેલી પ્રિન્ટના ૧૮૧ અભયમને કોલ કરી મદદ માંગતા ૧૮૧ અભયમની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પરણીતાના જેઠનું કાઉન્સિલિંગ કરી સુખદ સમાધાન કરાવ્યો હોવાનું જાણવા મળેલ છે.
દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના નજીકના ગામની એક પીડિત મહિલાએ ૧૮૧ પર ફોન કરીને જણાવેલ કે જેઠ દ્વારા દારૂ પીને વારંવાર હેરાનગતિ હોય તેથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ લીમખેડા કાઉન્સેલર હસુમતી પરમાર તેમજ ટીમ સાથે પીડિત મહિલાએ જણાવેલ સ્થળ પર પહોંચી વાતચીત કરી કાઉન્સિલિંગ દરમિયાન જણાવેલ કે પીડિત મહિલાના પતિ બહારગામ મજૂરી અર્થે ગયેલા હોય અને તેઓ પોતાના નાના બાળકો સાથે ઘરમાં સાસુ સસરા જોડે રહે છે. જેમાં જેઠ દ્વારા દારૂ પીને વારંવાર પીડિત મહિલાને તેમજ તેમના સાસુ સસરાને પણ શારીરિક માનસિક હેરાનગતિ હોય તેમ સાભળતાં ૧૮૧ ટીમ દ્વારા જેઠને ઘરેલુ હિંસા એક્ટ વિશે કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ સમજાવેલ કે તમારા નાનાભાઈ મજૂરી અર્થે ગયેલા છે. તો તમે એક જેઠ છો તો મોટાભાઈ તરીકે પરિવારની જવાબદારી પણ તમારી હોય છે અને તમે એક મહિલાને આવી રીતે ત્રાસ આપો એ ગુનો બને છે, તેમ જણાવતાં જેઠ દ્વારા બાહેદરી આપેલ કે આજપછી દારૂ પીને હેરાનગતિ નહિ કરૂં અને પરિવાર સાથે શાંતિથી રહીશ તેથી પીડિત મહિલા જેઠ સાથે સમાધાન કરવા માગતા હોય જેથી સુખદ સમાધાન કરાવેલ છે.

# ધાડ લૂંટ તથા ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને જેસાવાડા પોલીસે ઝડપી પાડી જેલ ભેગો કર્યો

દાહોદ,
ધાનપુર પોલીસ મથકના પી.એસ.આઇ. એન.એમ.રામી જેસાવાડા પોલીસના સર્વેલાન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે આણંદ જીલ્લાના વિદ્યાનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર નં૮૯/ ૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ ચાર ગુનામાં નાસતો ફરતો આરોપી મુકેશભાઈ ચુનિયાભાઈ કટારા ગામ વડવા જે જેસાવાડા બજારમાં આવનાર પત્નીના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને ધાનપુર રોડ પરથી પકડી પાડી પોલીસ મથકે લાવી જેલના પાછળ ધકેલી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ જીલ્લામાં અનુસુચિત જાતિના લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ સહાય અપાઈ

દાહોદ,
દાહોદ જીલ્લામાં અનુસુચિત જાતિના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલીત છે, જેનો લાભ લઈ પગભર થયા છે. દાહોદ જીલ્લામાં ૨૦૨૨/૨૩ દરમ્યાન અનુસુચિત જાતિના ધોરણ ૧ થી ૧૦ ના ૩૬૩૩ વિદ્યાર્થીઓને રૂ.૫૩.૮૪ લાખ અને ધોરણ ૧૧ થી કોલેજ કક્ષાના ૮૧૨ વિદ્યાર્થીઓને રૂ. ૨૦૯. ૨૬ લાખની શિષ્યવૃતિ ચુકવાઈ છે. જયારે ગણવેશ સહાય યોજના હેઠળ ધોરણ.૧ થી ૮ ના કુલ ૨૫૭૨ વિદ્યાર્થીઓને રૂ.૨૨.૦૨ લાખની સહાય અપાઈ હતી.
સરસ્વતી સાધના યોજના હેઠળ જીલ્લાની માધ્યમિક શાળાઓમાં ધોરણ. ૯ માં અભ્યાસ કરતી અનુસુચિત જાતિની ૧૩૫ વિદ્યાર્થીનીઓને સાયકલ ભેંટ આપાવામાં આવી છે. ડો.આંબેડકર આવાસ યોજના અંતર્ગત ૩૧૧ લાભાર્થીઓને આવાસનો લાભ આપવામાં આવ્યો છે. રૂ.૧૩૩ લાખની સહાય ચુકવવામાં આવી છે. અનુસુચિત જાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે કુવરબાઈ મામેરા યોજના હેઠળ ૨૯ કન્યાઓને રૂ.૩.૪૪ લાખની સહાય ચુકવાઈ છે. ડો.સવિતાબેન આંબેડકર આંતર જ્ઞાતીય લગ્નની પ્રોત્સાહન સહાય યોજના હેઠળ ૬ લાભાર્થીઓને રૂ.૪.૫૦ લાખની સહાય ચુકવાઈ છે. સત્યવાદી રાજા હરીશ ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ ૫૪ લાભાર્થીઓને રૂ.૨.૭૦ લાખની અંત્યેષ્ઠી સહાય અને ૧૬૫ વિદ્યાર્થીઓને ફ્રી..શીપકાર્ડ આપવામાં આવ્યા છે. તેમ અનુસુચિત જાતિ કલ્યાણ દાહોદની એક યાદીમાં જણાવ્યું છે.

# અજય પટેલ બન્યા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના નવા પ્રમુખ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ચાર્જ સંભાળ્યો

અમદાવાદ,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના નવા પ્રમુખ તરીકે અજય પટેલે કાર્યભાર સંભાળ્યો છે. ચેમ્બરના પ્રમુખ તરીકે અજય પટેલ તથા અન્ય હોદ્દેદારોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં શપથગ્રહણ કર્યા. જીસીસીઆઇના હોદ્દેદારો માટેની ચૂંટણી સમરસ થઈ છે. તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાતા પ્રમુખ તરીકે અજય પટેલે કાર્યભાર સંભાળ્યો છે.તો જીસીસીઆઇના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે એસ્ટ્રલ પાઈપ્સના સંદીપ એન્જિનિયર અને વાઈસ પ્રેસિડેન્ટ તરીકે મિહિર પટેલે પદ સંભાળ્યું છે. ચાર્જ સંભાળ્યા બાદ અજય પટેલે કહ્યું કે, વડાપ્રધાન મોદી અને અમિત શાહનું સપનું છે કે દેશની ઈકોનોમી ફાઈવ ટ્રીલીયન બનાવવી, જેમાં GCCI સક્રિય ભૂમિકા ભજવશે. જીસીસીઆઈ સરકાર અને નાના મોટા ઉદ્યોગો તેમજ વેપારી વચ્ચે સેતુની ભૂમિકા ભજવશે. વર્ષ ૨૦૨૪માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં GCCI સક્રિયપણ ભાગ લેશે. આ સમિટ અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ બને તે માટે તમામ સહકાર પૂરો પાડશે. તેમણે આ જવાબદારી સોંપવા બદલ તમામનો આભાર માન્યો હતો.
અજય પટેલે વધુમાં કહ્યું કે ગુજરાતના ઉદ્યોગો અને વેપારીઓ રાષ્ટ્રના વિકાસમાં મોટો ફાળો ભજવે તેવો રોલ ભજવવા ચેમ્બર પ્રયત્ન કરશે. લઘુ અને નાના ઉદ્યોગોને જરૂરી માર્ગદર્શન આપી તેમના વિકાસને વધુ ઝડપી બનાવવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગકારોને સાથ સહકારની આપવાની ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે ઈન્ડસ્ટ્રીઝ ક્વોલિટી પ્રોડક્ટ બનાવે તો સરકાર તેમને પૂરતી મદદ કરશે. ઉદ્યોગકારોને કોઈ તકલીફ નહીં પડવા દઈએ.
આ પહેલા અજય પટેલ જીસીસીઆઇના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કાર્યરત હતા. જીસીસીઆઇના બંધારણ મુજબ સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પ્રમુખ બને છે.

# કાશીમાં વિશ્વના મોટા મંદિરોનાં પદાધિકારીઓનું સંમેલન યોજાશે

વારાણસી,
દુનિયાનાં મોટા મંદિરોનું સંમેલન ૨૨ થી ૨૪ જુલાઈ દરમ્યાન કાશીમાં થશે. તેમાં ૨૫ દેશોનાં ૪૫૦ થી વધુ મંદિરોમાં પદાધિકારીઓ ભાગ લેશે. હિન્દુની સાથે સાથે શીખ, બોધ્ધ અને જૈન ધર્મથી સંબંધીત મઠ, મંદિર અને ગુરૂદ્વારોનાં પદાધિકારીઓ પણ આવશે. આ સંમેલનનું ઉદઘાટન રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના સર સંઘચાલક મોહન ભાગવત કરશે. કાર્યક્રમ રૂદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરમાં થશે. ટેમ્પલ કનેક્ટ તરફથી પહેલીવાર ઈન્ટરનેશનલ ટેમ્પલ્સ કન્વેન્શન એન્ડ એક્સ્પો (આઈટીસીએક્સ)નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંમેલનમાં મંદિર વ્યવસ્થા, સંચાલન, પ્રશાસન, વિકાસ અને સશક્તિકરણ પર ચર્ચા થશે. ટેમ્પલ કનેકટનાં સંસ્થાપક ગીરીશ કુલકર્ણી, આઈટીસી એકટનાં ચેરમેન પ્રસાદ લાડ અને કયુરેટર મેઘા ઘોષે જણાવ્યું હતું કે પુરા વિશ્વમાં પૂજા સ્થળ મુખ્યની ટીમો માટે સર્વશ્રેષ્ઠ કાર્ય પદ્ધતિ વિકસીત કરવામાં આવશે. ત્રણ દિવસનું આ સંમેલન અતુલ્ય ભારત અભિયાનનો ભાગ છે.

# બાલાસીનોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હોલમાં એમ.જી.મોટર સંયુકત ઉપક્રમે ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યું




બાલાસીનોર,
બાલાસિનોર વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એમ.જી.મોટર હાલોલના સંયુકત ઉપક્રમે બાલાસિનોર કોલેજ હોલમાં બહેનો માટેનો પ્લેસમેન્ટ ની વ્યવસ્થા એટલે કે ઈન્ટરવ્યૂ રાખવામાં આવ્યા. તેમાં ૧૭૫ બહેનો હાજર રહ્યા હતા. આપ્લેસમેન્ટમાં કોલેજના પ્રિન્સિપાલ ડી.પી.માછી પ્રેસમેન્ટ કન્વીનર સુરેશભાઈ રાવળ, મનોજભાઈ ચૌધરી અને એમ.જી.મોટરના અધિકારી તેમજ મેડિકલ ટીમ સાથે કોલેજમાં ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા. તેમાં ૬૫ બહેનો પસંદગી પામી છે. તેમને એક જ અઠવાડિયાની અંદર નોકરીમાં બોલાવવામાં આવશે. બાલાસિનોર કોલેજના ટ્રસ્ટી એવા કુંવરજીભાઈ ભરવાડ તેમજ પ્રિન્સિપાલ દિનેશભાઈ માછી અને કોલેજની સમગ્ર અધ્યાપક ટીમે બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન છે.




નવોદય વિદ્યાલય બાલાસિનોર ખાતે રીઝીયોનલ રસ્સા ખેંચની રમત હરીફાઈના સમાપન પ્રસંગે રાજેશભાઈ (પપ્પુભાઇ) પાઠક વડોદરા જીલ્લા ભાજપ પ્રભારી અને બાલાસિનોરના પૂર્વ ધારાસભ્ય ઉપસ્થિત રહી ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# દિલીપભાઈ મહેતા લાયન્સ કલબના પ્રમુખ નિયુકત થયા



દાહોદ,
લાયન્સ કલબ ઓફ દાહોદનો ૫૩ માં નવનિયુકત પ્રમુખ લા.દિલીપભાઈ મહેતા, મંત્રી લા.તહેરભાઇ બાઝી, કોષાધ્યક્ષ લા.દિપકભાઈ શાહની પદગ્રહન વિધિ સમારંભ અવંતિકા હોટલ ઇન્દોર રોડ પર આયોજીત થયો. મુખ્ય મહેમાન વી.ડી.જી.૨ લા.દીપકભાઈ સુરાના પદગ્રહન પુરોહિત પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર લા.શશીકાંતભાઈ પરીખ, રિજીયન ચેરમેન લા.અનિલભાઈ અગ્રવાલ, ઝોનચેરમેન લા.જયકીશન જેઠવાની, કેબિનેટ સેક્રેટરી લા.દીપકભાઈ શાહ, હાલોલ. મેમ્બરશીપ ચેરમેન માઈક્રો મેમ્બર લા.સત્યેન્દ્ર સિંહ સોલંકી, ડી.સી.વુમન emporment લા.પ્રીતિબેન સોલંકી. ડી.સી., લા.ફિરોઝભાઈ લેનવાળાની ઉલ્લેખનીય ઉપસ્થિતિ રહી. ડિસ્ટ્રિક્ટમાં જુનામાં જૂની લાયન્સ કલબ કુલ ૮ છે. જેમાંની એક વર્ષો થી સેવાકીય કાર્યો કરતી લાયન્સકલબ ઓફ દાહોદ છે.

# ઝાલોદ તાલુકાના લીમડીમાં પતિ જોડે ઝઘડો થતાં ઘરેથી નીકળી આવેલી મહિલાને ૧૮૧ અભયમે સખી વન સ્ટોપ કેન્દ્ર ખાતે મોકલાઈ

દાહોદ,
ઝાલોદ તાલુકા લીમડી ગામ માંથી એક વ્યક્તિએ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કરીને જણાવેલ કે અહીં એક અસ્થિર મગજની મહિલા ચાર દિવસ બસસ્ટેન્ડમાં બેસી રહેલા છે. જેને મદદ કરવા અનુરોધથી ૧૮૧ અભયમ રેસ્કયુ ટીમ દાહોદથી ઘટના સ્થળ પર પહોંચી મહિલાને પાણી પીવડાવ્યું સાત્વનાં આપેલ મહિલા ડરેલી હતા.તો લાગણી અને વિશ્વાસ અપાવતાં મહિલાનું કાઉન્સેલિંગ કર્યુ હતું. જોકે, આ મહિલા બીજા જીલ્લાની હોવાથી તેનાં પતિ દ્વારા ઝગડો થતા તેના પતિએ તૂ ઘર માંથી નીકળી જા તેમ કહેતા આ મહિલાને મનમાં લાગી આવતા આ મહિલા ઘરેથી નીકળી આવી હતી અને ચાર દિવસ બસ સ્ટેન્ડમાં મહિલા બેસી રહેતી કોઈ જમવાનું આપે તો જમતી નહિ તો ભૂખી તરસી બેસી રહેતી તેને પોતાના શરીર કે બીજું કોઈ ભાન રહેતું નથી. જેનાં પગલે અભયમ ટીમે તેને સમજાવી સલાહ સૂચન માર્ગદર્શન આપ્યું હતું અને મહિલાને તેના પરિવાર સુધી પહોચાડવા માટે મહિલાના પતિને અહી બોલાવી સમજાવવા માટે બોલાવ્યો હતો. જોકે, અત્યારે મહિલાને સુરક્ષિત સ્થળની જરૂર હોવાથી મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે સુરક્ષિત આશ્રય અપાવેલ છે.

# બાલાસીનોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજયો



બાલાસીનોર,
તા.૧૩/૦૭/૨૦૨૩ નારોજ સી.એન્ડએસ.એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ.કે.એલ.દોશી કોમર્સ કોલેજ બાલાસિનોરમાં NSS યુનિટના ઉપક્રમે કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના આચાર્ય પ્રિ.ડો.ડી.પી.માછી, પ્રોગ્રામ ઓફિસર ડો. એસ.એમ.ખોખર અને ડો. દિલીપકુમાર ઓડ, શૈક્ષણિક સ્ટાફ તથા બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ NSS સ્વયં સેવકો દ્વારા કોલેજના કેમ્પસમાં વૃક્ષોની રોપણી કરવામાં આવી હતી. કોલેજના આચાયએ વૃક્ષોનું આગવું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

# રાબડાલ હેલ્થ ઍન્ડ વેલ નેસ સેન્ટર ખાતે પોસ્ટર એક્સીબિશન કાર્યક્રમ



દાહોદ,
દાહોદ તાલુકાના જેકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટર રાબડાલ ખાતે રાજ કૃપા ઈન્સ્ટિટયૂટ ઑફ નર્સિંગના સહયોગથી નર્સિંગ કોલેજના ૦૪ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા આરોગ્યના વિવિધ રોગો વિશે પોસ્ટર એક્સીબિશન રાખવામાં આવ્યું. આ કાર્યક્રમને ખુલ્લો મુકતા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટિલાવત,જીલ્લા રકતપિત અધિકારી ડો.આર.ડી. પહાડીયા, ચઅખઘ ડો. રાકેશ વોહનિયા, MO ડો. અવિનાશ ડામોર, રાજકૃપા ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન ડો. નિતેશ બારીયા, આચાર્ય ડો. શોન્યા બેરી સહિતના અધિકારીઓ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો. આ પોસ્ટર એક્સીબિશનમાં આરોગ્યના વિવિધ કાર્યક્રમો જેવાકે, પૂર્વ પ્રસુતિ સંભાળ, પ્રસુતિ પછીની સંભાળ, રસીકરણ, કિશોરાવસ્થા, કુટુંબ નિયોજન, ટીબી, રકતપિત, વાહકજન્ય રોગો, કેન્સર, એઇડ્સ, સિકલ સેલ, આંખોના રોગો, માનસિક રોગો આયુષમાન ભારત જેવાં વિવિધ કાર્યક્રમો અને રોગો વિશે પોસ્ટર દ્વારા લોકોને સમજ પડે તે રીતે વિસ્તાર પૂર્વક વિવિધ રોગોમાં શું..શું... કાળજી રાખવી તેના વિશે માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં ગ્રામજનો વિદ્યાર્થીઓ અને આરોગ્ય વર્કર હાજર રહેલ હતા.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ છે અને તમે તમારામાં જ ઘણા વ્યસ્ત રહેવાના છો. આજે કેટલાક રોકાયેલા કામો થઈ જવાથી મનમાં આનંદ રહેશે અને તણાવ તમારાથી ઘણો દૂર રહેશે. જો કોઈ તમારી ટીકા કરી રહ્યું છે તો તેના તરફ ધ્યાન ન આપો.

વૃષભ : આજે ગ્રહોની દશા જણાવી રહી છે કે આજે સમગ્ર દિવસ બીજાના કામ માટે દોડાદોડ રહેશે. તો, સંતાન સાથે જોડાયેલી સમસ્યાઓને હલ કરવામાં તમને આજે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળકારક છે. મોટા અધિકારીઓ સાથે કોઈ વાતને લઈને અણબનાવ થઈ શકે છે અને તેનાથી તમને નુકસાન થઈ શકે છે. ક્રોધ પર નિયંત્રણ જાળવી રાખજો.

કર્ક : આજે ગ્રહોના શુભ પ્રભાવથી સફળતા મળશે. દિવસના ઉત્તરાર્ધમાં ધન વૃદ્ધિ થવાથી મનમાં આનંદ રહેશે. વાહન, જમીન ખરીદી અને સ્થાન પરિવર્તનના સુખદ સંયોગ પણ બની રહ્યા છે.

સિંહ : આજે દિવસ થોડો મુશ્કેલીભર્યો પસાર થશે. જો તમે વેપારી છો, તો આજે બિનજરૂરી વધુ પરિશ્રમ કરવો પડી શકે છે. આજે તમારે સંતાનના મામલે પણ કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવો પડી શકે છે.

કન્યા : આજનો દિવસ મિશ્ર રહેશે. આજે કાર્યક્ષેત્રમાં સીનિયર અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. તો લગ્નજીવનમાં સરળતા જળવાઈ રહેશે. પરાક્રમમાં વધારાથી શત્રુઓનું મનોબળ તૂટશે.

તુલા : આજે શત્રુઓથી બચવાનો પ્રયાસ કરજો. ઓફિસમાં કોઈ બોસ સમક્ષ તમારી ફરિયાદ કરી શકે છે. હાલના સમયે વર્ક ફ્રોમ હોમ કરી રહેલા લોકોને ઓફિસના લોકોના રાજકારણનો શિકાર બનવું પડી શકે છે.

વૃશ્ચિક : આજનો દિવસ તમમને વિશેષ લાભ આપનારો દેખાઈ રહ્યો છે. દિવસના પૂર્વાર્ધમાં છૂટક લાભ થઈ શકે છે. નોકરી-વ્યવસાય સાથે જોડાયેલા કેટલાક મુદ્દા હલ થઈ જશે અને પરિવારમાં પણ સુખ સમૃદ્ધિ જળવાઈ રહેશે.

ધનુ : આજે તમારો દિવસ કોઈ ખાસ યોજનાનું પ્લાનિંગ કરવામાં પસાર થશે. એ વાત ઘર પરિવાર કે પછી ઓફિસ સાથે જોડાયેલી હોઈ શકે છે. અધિકારીવર્ગ સાથે સારું ટ્યૂનિંગ રહેશે.

મકર : આજે ગ્રહોની દશા તમારા માટે અનુકૂળ જણાઈ રહી છે. કર્મ કરનારા લોકોને તત્પરતાથી લાભ થશે. સ્વજનો તરફથી સુખ પ્રાપ્ત થશે અને પરિવારમાં મંગળ કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : આજે ગ્રહો તમારી સાથે છે અને કોઈ ખાસ ઘટનાક્રમ અંતર્ગત રોકાયેલું ધન અચાનક પ્રાપ્ત થવાથી સમગ્ર પરિવારમાં આનંદ રહેશે. આજે બધાની મહેનત સફળ થશે. આજે તમારો વિશ્વાસ ધર્મ તેમજ આધ્યાત્મમાં વધશે.

મીન : આજે તમારા મનમાં કોઈ વાતને લઈને પહેલેથી ચાલી રહેલી મૂઝવણમાં વધારો થઈ શકે છે. આખો દિવસ કોઈ પ્રકારની મૂઝવણમાં રહેશો. સમસ્યાઓનું સમાધાન ન મળવાથી માનસિક અશાંતિ રહેશે.

# સંજેલીમાં PSI દ્વારા ઢોર માર મારતાં ન્યાયની માંગણી સાથે આવેદન અપાયું

સંજેલી,

સંજેલી પોલીસ સ્ટેશન PSI દ્વારા એક વ્યક્તિને ઢોર માર્યો બાદ ખોટી એફાર દાખલ કરડાવી હોવાની આક્ષેપ સાથે પીએસઆઇ વિરોધ આવેદન આપી ન્યાયની માંગ કરવામાં આવી.



દાહોદ જીલ્લા સંજેલી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર રાહુલ પટેલ દ્વારા વાસિયા ગામના લાલુભાઈ વસૈયાને બેહરહમી પૂર્વક ઢોર માર્યો અને ત્યારબાદ વાસીયા ગામના જે મહેશભાઈ વસૈયાને જાણ કર્યા વગર બળજબરી દબાણ આપી ખોટી રીતે સહી કરડાવી લાલુભાઈ વસૈયાની સામે ખોટી FRI દાખલ હોવાનો ગંભીર આક્ષેપ સંજેલી પોલીસ સ્ટેશન પોલીસ સબ ઈન્સ્પેક્ટર રાહુલ પટેલ ઉપર કરવામાં આવ્યો હતો. પોલીસ સબ ઈન્સ્પેક્ટર રાહુલ પટેલ દ્વારા લાલુભાઈ તેઓને બંને હાથ ઉંચા કરાવી આખા શરીરે પ્લાસ્ટિકની પાઇપ પડે માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ લાલુભાઈ ઉંધા સુવડાવીને બે પગ દબાવી પ્લાસ્ટિકની પાઇપ તથા પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૧ વાર પટ્ટાથી માર મારવામાં આવ્યો. સાંથળ ઉપર પગના તળિયામાં પેટ ઉપર તેમજ શરીર ઉપર મુઠ મારવામાં આવ્યો. તેઓના બંને હાથોમાં પાઈપના ફટકા મારવામાં આવ્યા હતા. જેથી તેઓને બંને હાથની આંગળીઓ ફેક્ચર થઈ છે. આ ઘટના સંદર્ભે સંજેલી તાલુકાના વાંસીયા ગામની પંચ ગ્રામજનો સામાજીક અગ્રણીઓ ન્યાય માટે પ્રાંત અધિકારી ઝાલોદ વિભાગ પોલીસ અદયક્ષ ઝાલોદ, કલેકટર દાહોદ દાહોદને આવેદન આપી. ન્યાય માટે માંગણી કરવામાં આવી હતી. થોડા દિવસ અગાઉ તેમાં પણ ગુનેગારના હોવા છતાં ઊંધો પાડીને માર મરાયો હતો. ત્યારબાદ સંજેલી નગરમાં ત્રણ ચાર બનાવો બની ગયા. જેમાં પીએસઆઇ દ્વારા ઢોર મારતા હોવાની ચર્ચા સંજેલી નગરમાં ચર્ચા રહી છે.

PSI માથાભારે હોય તેમ તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વાત ફેલાતા લોકોમાં આદિવાસી ગરીબ પ્રજામાં ડર જોવા મળી રહીયો છે.

# મોલવી પરિવારની દીકરીના જન્મદિવસ ટાણે ખોટા ખર્ચાઓ કરવાના બદલે સમાજ માટે કંઈક કરી ગુજરવા ભગીરથી કાર્ય ઉપાડ્યું

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં ૨૨ મુસ્લિમ જોડાઓનો સમૂહ લગ્ન યોજાયો. દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં રહેતા મોલવી પરિવારની ત્રણ વર્ષીય દીકરીના જન્મદિવસ ટાણે બર્થડેમાં પશ્ચિમી સંસ્કૃતિ અનુસાર ખોટા ખર્ચાઓ કરવાના બદલે પોતાના સમાજ માટે કંઈક કરી ગુજારવાનું મનોમન નક્કી કરેલી નેમ સાથે છેલ્લા ચાર મહિનાની મહેનતના પરિણામ સ્વરૂપે દાહોદ મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનના મુસ્લિમ સમાજના ૨૨ જેટલા જોડાઓનો સામુહિક નિકાહ પડાવાવનું ભગીરથી કાર્ય કર્યું હતું. એટલું જ નહીં ઉપરોક્ત નવયુગલોના લગ્નનો તમામ ખર્ચ તેમજ નવોઢા માટે ઘર વપરાશની ૭૦ થી વધુ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ ભેટ સ્વરૂપે આપી હતી. જેના પગલે મોટી સંખ્યામાં ભેગા થયેલા મુસ્લિમ સમાજના લોકો ભેગા થતા એકબીજાનો પરિચય થાય સાથે સાથે સમાજની એકતા તથા અખંડતા જળવાઈ રહે તે અંગે પણ સનિષ્ઠ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે રહેતો મૌલવી પરીવારમાં ત્રણ વર્ષીય દીકરીના જન્મદિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં અરબાઝ નવરોજ મૌલવીની ત્રણ વર્ષીય દીકરી ઝાયનાનો જન્મદિવસ ૧૨ મી જુલાઈના રોજ આવતો હોવાથી ચાર મહિના અગાઉ તેમને મનોમન દીકરીનો બર્થડે ખોટા ખર્ચાઓ કરવાના બદલે મુસ્લિમ સમાજના દીકરી દીકરાઓના સમૂહમાં લગ્ન કરવાનું નક્કી કરાયું હતું. જેમાં ૪ મહિના પહેલા દુલ્હા અને દુલ્હનને સમૂહ લગ્નમાં જોડાવા માટેના ફોર્મ બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં ૪૪ જેટલા છોકરા છોકરીઓના પરિવારોના સભ્યોએ ફોર્મ ભરી સમૂહ લગ્નના પોગ્રામમાં નિકાહ પાડવાનું નક્કી કર્યું હતું. જેમાં મુસ્લિમ સમાજની ૨૨ દીકરીઓને દહેજના ભાગરૂપે ગિફ્ટમાં એકપણ રૂપિયો દુલ્હા દુલ્હનના પરીવારો પાસેથી ફીસ લીધા વગર તેમને ઘર વપરાશના સામાનની ૭૦ થી વધુ ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી. ત્યારે આજરોજ સમૂહ લગ્નના કાર્યક્રમમાં દાહોદના નવનિર્વાચીત એસપી જગદીશ બાંગરવા અને તેમની સાથે દાહોદ ટાઉનના પીઆઇ કિરીટ લાઠીયા તેમજ નગરપાલિકાના સુધરાઈ સભ્યો કોંગ્રેસના હોદ્દેદારો કાર્યકર્તાઓ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓની વચ્ચે આ સમૂહ લગ્નનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મધ્યપ્રદેશ રાજસ્થાન અને ગુજરાત તેમજ દાહોદ જીલ્લાના અલગ અલગ ગામો માંથી ૨૨ જેટલા દુલ્હા દુલ્હનના જોડાઓએ એક જ જગ્યાએ બેસી નિકાહ ખાવાનીમાં સામેલ થયા હતા અને લગ્નગ્રંથિતી જોડાયા હતા. જેમાં શહેરના કાજી દ્વારા દરેક દુલ્હા દુલ્હનને નિકાહ પડાવવામાં આવ્યા હતા અને તેની સાથે સાથે દુલ્હાઓને શુભેચ્છા આપવા માટે દાહોદના નવનિર્વાચીત એસપી જગદીશ બાંગરવાએ ૨૨ જેટલા દુલ્હાઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને જે બાદ આ કાર્યક્રમ પછી ૨૨ જેટલા દુલ્હા દુલ્હનોને ઘર વપરાશની ૭૦ થી વધુ ચીજ વસ્તુઓ સરસામાનની ગીફ્ટ પેટે આપવામાં આવી હતી.

# દાહોદ તાલુકામાં પોલીસ તંત્ર દ્વારા ૧ કરોડ ઉપરાંતના વિદેશી દારૂનો નાશ કરાયો

દાહોદ,

દાહોદ તાલુકામાં આજરોજ પોલીસ તંત્ર દ્વારા એક કરોડ ઉપરાંતનો વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં દાહોદના એસ.ડી.એમ. સહિત પોલીસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.



દાહોદ ડીવીઝનના ૦૬ પોલીસ સ્ટેશન તેમજ સીઆરપી દાહોદ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશન એક્ટ અંતર્ગત પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આ મુદ્દામાલ નાશની પ્રક્રિયામાં કુલ ૦૭ પોલીસ સ્ટેશનોના ૮૬૩ ગુન્હાઓમાં પકડવામાં આવેલ કુલ રૂા. ૧,૭૫,૩૧,૪૨૭ (એક કરોડ પંચોતેર લાખ એકત્રીસ હજાર ચારસો સત્તાવી) વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ બોટલો નંગ. ૨,૪૫,૬૯૬ વિદેશી દારૂની બોટલોના નાશ કરવામાં આવ્યો હતો.

# દાહોદ જીલ્લાના સિંગવડ ખાતે રૂા.૬ કરોડના ખર્ચે અત્યાધુનિક તાલુકા સેવા સદન બનશે

દાહોદ,

પ્રજાજનોની સુખાકારી માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ત્યારે આદિજાતિ વસ્તી ધરાવતા જીલ્લાના સિંગવડ તાલુકા મથકે અત્યાધુનિક તાલુકા સેવા સદનનું ખાતમુહૂર્ત તારીખ ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ રાજ્ય સરકારના આદિજાતિ અને શિક્ષણ વિભાગ તેમજ જીલ્લા પ્રભારી મંત્રી કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતમાં થશે. દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકા માંથી સિંગવડ તાલુકો અલગ થયા બાદ સિંગવડ તાલુકાના પ્રજાજનો ના જુદા જુદા વહીવટી કામ અર્થે લીમખેડા તાલુકા મથકે જવું પડતું હતું. જેમાં સમય તથા નાણાંનો વ્યય થતો હતો. જેથી રાજ્ય સરકાર દ્વારા સિંગવડ ખાતે નવીન તાલુકા સેવા સદનના મજૂરી મળતાં તમામ તાલુકા કક્ષાની કચેરીઓ એક જ મકાનમાં સમાવિષ્ટ થશે. જેથી તાલુકા પ્રજાજનોને સિંગવડ તાલુકા મથકે જ તમામાં વહીવટી સુવિધાઓ મળી રહેશે. તાલુકા સેવા સદન નિર્માણ થયેથી તાલુકાવાસીઓને જનસેવા કેન્દ્ર, ઈ–ધારા કેન્દ્ર, સબ રજીસ્ટર ઓફિસ, સીટી સર્વે ઓફિસ, રેકોર્ડ રૂમ, સપ્લાય બ્રાંચ, એડમીન ઓફિસ, મામલતદાર કચેરી, મીટિંગ હોલ, સર્કલ ઓફિસ રેવન્યુ ઓફિસ, રેવન્યુ તલાટી ઓફિસ, રેકોર્ડ રૂમ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થશે.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.276

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## હાલોલ બાસ્કાના ખેડુતની જમીનના દસ્તાવેજ કરી ૧.૮૯ કરોડ નહિ આપી ગોધરાના દંપતિ સહિત ત્રણ ભેજાબાજોએ છેતરપિંડી કરતાં ફરિયાદ

ગોધરા,

હાલોલ તાલુકાના બાસ્કા ગામના ખેડુત પરિવારને ગોધરા શહેરનું સહિતની ત્રિપુટી દ્વારા ખેડુતને વિશ્વાસમાં લઈ બાકી નિકળતા ૧.૮૯ કરોડ નહિ આપી જમીન પાછી આપવા ૮૦ લાખ રૂપીયાની માંગણી કરતાં છેતરપિંડીનો ભોગ બનેલ ખેડુત દ્વારા ત્રણ ભેજાબાજ વિરૂદ્ધ પોલીસમાં લેખિત રજુઆત કરાઈ છે.

હાલોલ તાલુકાના બાસ્કા ગામે રહેતા ખેડુતની રે.સર્વે. નં. ૩૪૯ વાળી ખેતીની જમીન ફરીદ અહેમદ ઈનાયત હુસૈન મકરાણી અને તેમના પત્ની સાહિદાખાતુ નામે ચાલતી હોય આ જમીન માટે ગોધરાના શાહનવાઝ અનવર જમાલ, મિતુલકુમાર રાજેન્દ્ર શાહ, હિરવા મિતુલકુમાર શાહની ત્રિપુટી પૂર્વ યોજીત ષડયંત્ર રચીને ફરીદ મકરાણીને મળ્યા હતા અને તમારી આગળના સર્વે નં.૩૪૫ પૈકી ૧ પૈકી ૧ વાળી જમીન એમ રાખેલ છે. કોમર્શીયલ પ્લોટ પાડવાના છે. જો તમારી જમીન અમને વેચાવી હોય તો અમારું મોટું પ્લોટીંગ થઈ જાય તેમ કહી સ્થાનિક રહિશને મધ્યસ્થી બનાવી જમીન ૨૪૦ રૂા. સ્વકેર ફુટ ભાવે સોદો કરેલ દસ્તાવેજ શાહનવાઝ અનવર જમાલ નામે કરાવી શાહનવાઝ અને ભાગીદાર મિતુલ શાહ, હિરાબાના નામે ૧.૯૫ કરોડના જંત્રી સહિતના ચેકો આપ્યા હતા. જમીન શોધમાં નકકી થયેલ સમયગાળા મુજબ ખેડુત ફરીદ મકરાણી અએ જમીન ખરીદનાર પાસે જમીન ખરીદનાર પાસે બાકીના પૈસાની માંગણી કરતાં ખેડુતની જમીન પડાવી લેનાર ભેજાબાજો પૈસા આપવા માટે બહાના બાજી કરી પૈસા નહિ આપી જમીન બારોબાર વેચી દેવાની પેરવી કરતા હોવાનું ધ્યાન આવ્યો હતો. જેને લઈ જમીન પૈકીનો પહેલો ચેક ૩૫.૮૪ લાખનો ચેક બેંકમાં નાખતાં બેલેન્સ ન હોવાથી ચેક રિર્ટન થયો હતો. જેને લઈ જમીન વેચાણ આપનાર ખેડુત પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું ધ્યાને આપતાં ખેડુત દ્વારા શાહનવાઝ જમીન રૂપીયા ન આપવા હોય તો જમીનનો દસ્તાવેજ પરત કરી આપવા જણાવતા દસ્તાવેજ કરવા માટે ૮૦ લાખ રૂપીયાની માંગણી કરી હતી. જેને લઈ ખેડુત દ્વારા ગોધરાના ત્રણ ભેજાબાજો વિરૂદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોધાવી કાર્યવાહીની માંગ કરાઈ છે.

## ગોધરા માર્કેટીંગયાર્ડ વિસ્તારમાં ચોરીના બનાવો વધતા નાઈટ પોલીસ પેટ્રોલીંગ વધારવા માટે જીલ્લા પોલીસવડાને રજુઆત

ગોધરા,

ગોધરા શહેરના માર્કેટીંગયાર્ડ વિસ્તારમાં ચોરીના બનાવો વધી રહ્યા છે અને તસ્કરોના ડરથી રહિશો પરેશાન થઈ રહ્યા હોય ત્યારે માર્કેટીંગયાર્ડ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગગ વધારવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા પોલીસવડાને રજુઆત કરાઈ છે.

ગોધરા શહેરના માર્કેટીંગયાર્ડ વિસ્તારમાં રહેણાંક સોસાયટીઓ જેવી કે, રાણા સોસાયટી, સરસ્વતી સોસાયટી, કોટીયર્ક સોસાયટી, નંદનવન સોસાયટી, ભાટીયા સોસાયટી, ગીતા સોસાયટી, ઉત્તમનગર, વિવેકાનંદ નગર, શ્રીજી પાર્ક, ગોકુલધામ સોસાયટી આવેલ છે. આ તમામ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રાત્રીના સમયે ચોરીના બનાવો વધી રહ્યા છે. તસ્કરોના ડરથી રહિશો પરેશાન થઈ રહ્યા છે. અનેક મકાનોમાં ચોરીના બનાવો પણ સામે આવી ચુકયા છે. ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ મથકે અવારનવાર મૌખિક રજુઆતો કરવા છતાં ચોરીના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે માર્કેટીંગયાર્ડ વિસ્તારમાં રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તો ચોર ઈસમોમાં પોલીસનો ભય રહે અને ચોરીના બનાવો ન બને તે માટે જીલ્લા પોલીસવડાને ગોધરા નગર પાલિકા વોર્ડ નં.૪ના પાલિકાના સભ્ય રાકેશભાઈ રાણા દ્વારા લેખિત રજુઆત કરાઈ છે.

## ગોધરા-ચંચેલાવ સીમ માંથી બાઈક અને મોબાઈલની પોલીસની ઓળખ આપી લુંટ કરનાર વડેલાવના બે ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપ્યા




ગોધરા,

ગોધરા તાલુકાના ચંચેલાવ ગામ પાસે સીમમાં નવી પાર્સીંગ વગરની બાઈક લઈ આવતા વ્યકિત પાસેથી બે ઈસમોએ પોલીસની ખોટી ઓળખ આપીને લુંટ કરી ગયેલ હોય એસ.ઓ.જી. પોલીસ પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે બાઈકની લુંટ કરનાર બે ઈસમોને બાઈક અને મોબાઈલ ફોન સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતોદ મુજબ ગોધરા તાલુકાના ચંચેલાવ ગામની સીમ પાસેથી નવી પાર્સીંગ વગરથી બાઈક લઈને વડોદરા તરફ જઈ રહેલા વ્યકિતને બે ઈસમોએ પોલસીની વર્દી પહેરીને રોકયા હતા અને ખોટી પોલીસની ઓળખ આપીને બાઈક અને મોબાઈલ ફોનની લુંટ કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે ૧૩ જુનના રોજ નોંધાઈ હતી. ગોધરા એસ.ઓ.જી. પોલીસ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, ચંચેલાવ ગામ પાસેથી ખોટી પોલીસની ઓળખ આપીને બાઈકની લુંટ કરનાર બે ઈસમો દિપક કાંતીભાઈ પટેલીયા (રહે. વડેલાવ, ગોધરા), કિરણ રાયસિંહ પટેલ (વડેલાવ-ગોધરા)ને લુંટની મોટર સાયકલ અને મોબાઈલ ફોન મળી ૧,૦૦,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગોધરા તાલુકા પોલીસે લુંટના ગુન્હાને ડીટેકટ કરવામાં આવ્યો.

### ગોધરા-અમદાવાદ હાઈવે વેગનપુર ગામ પાસે

## રેલ્વે ટ્રેક ક્રોસ કરતાં ગાયોનું ટોળું ટ્રેનની અડફેટમાં આવતાં ૯ ગાયોના મોત ૩ ગાયોને કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા બચાવાઈ



ગોધરા,

ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ વેગનપુર ગામ પાસેથી રેલ્વે ટ્રેક ઉપરથી ગાયોનું ટોળું પસાર થતું હોય દરમિયાન ટ્રેનની અડફેટમાં આવી જતાં ૯ ગાયોના સ્થળ ઉપર મોત નિપજયા હતા. જ્યારે કરૂણા એમ્બ્યુલન્સ એનીમલ કેર દ્વારા ૩ ગાયોને બચાવી લેવામાં આવી હતી.

ગોધરા-અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ વેગનપુર ગામ પાસે આજે બપોરના સમયે રેલ્વે ટ્રેક ઉપરથી ગાયોનું ટોળું પસાર થઈ રહ્યું હતું. દરમિયાન ટ્રેક ઉપર આવતી ટ્રેનની અડફેટમાં ગાયોનું ટોળું આવી ગયેલ હતું. જેને લઈ ૧૨ ગાયોને ટ્રેનની અડફેટથી ઈજાઓ થતાં ૯ જેટલી ગાયોનું સ્થળ ઉપર મોત થયેલ હતું. જ્યારે ૩ જેટલી ઘાયલ જયેલ ગાયોને કરૂણા એમ્બ્યુલન્સ ૧૯૬૨ એનીમલ કેરને કોલ કરીને જાણ કરતાં કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા ત્રણ ગાયોને સારવાર આપીને બચાવીછ લેવામાં આવી હતી. એક સાથે ૯ જેટલી ગાયો ટ્રેનની અડફેટમાં મોત થતાં પશુપાલકો આઘાતમાં આવી ગયા હતા.

## ગોધરા વડોદરા હાઈવે ગણેશ મંદિર સામે કાર અને બાઈક વચ્ચે ભયંકર અકસ્માત



ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ ગણેશ મંદિર સામે કાર અને બાઈક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક પાછળ બેઠેલ મહિલા સવારને ગંભીર ઈજા થતાં ત્યાં ગણેશ મંદિર ગેટ સામે હાજર ૧૦૮ દ્વારા તાત્કાલીક સારવાર માટે મહિલાને દવાખાને ખસેડવામાં આવી હતી જ્યારે કાર ચાલક જેનો રજીસ્ટ્રેશન નંબર GJ17 CA 5918 કાર વેજલપુર તરફ થી ગોધરા તરફ જતી હતી ત્યારે ગણેશ મંદિર સામે બાઈક જેનો રજીસ્ટ્રેશન નંબર GJ17 CF 5306ના ચાલક રોડ વચ્ચે અચાનક આવી જતા કારના ડ્રાયવર સાઈડના આગળના ભાગે અડફેટમાં આવી હતી બાઈક રોડ ઉપર ભયંકર રીતે ફંગોળાઈ હતી જેના કારણે મહિલા ને ગંભીર ઈજાઓ થય હતી.

## ગોધરાના પરવડી ચોકડી પાસે નાકાબંધી કરી ઈન્ડીગો ગાડી માંથી ૫૯ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના પરવડી ચોકડી નજીક બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે નાકાબંધી કરેલ હોય ઈંગ્લીશ દારૂ ભરી આવતી ઈન્ડીગો ગાડીના ચાલક નાકાબંધી જોઈ વાહન છોડી નાશી જતાં પોલીસે તપાસ કરી ૫૯,૫૨૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, પ્રથમપુર ઝાલોદના અજય સુરસીંગભાઈ હઠીલા પોતાની ઈન્ડીગો ગાડી નં.જીજે.૨૩.એચ.૨૩૪૮માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે પરવડી ચોકડી પાસે નાકાબંધી કરી હતી. દરમિયાન આદ્યશકિત મીલ પાસે રોડ ઉપરથી ઈન્ડીગો ગાડીના ચાલકે પોલીસની નાકાબંધી જઈ ગાડી મૂકી નાશી છુટીયો પોલીસે ગાડીનું ચેકીંગ કરી ઈંગ્લીશ દારૂના કવાટરીયા કિંમત ૫૯,૫૨૦/-રૂપીયા અને ઈન્ડીગો ગાડી મળી ૧,૫૯,૫૨૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ઝાલોદ નગરમાં દશામાંના ઉત્સવને લઈ વ્યાપારી વર્ગમાં જોવાતો ઉત્સાહ




ઝાલોદ,

આગામી તારીખ ૧૭-૦૭-૨૦૨૩ સોમવારના રોજ હરિયાલી અમાસ એટલે કે દિવાસો છે. અમાસના દિવસથી માઁ દશામાંના વ્રત તહેવારની ઉજવણી કરવામાં આવતી હોય છે. અમાસના દિવસે સારો ચોઘડિયો જોઈ ધાર્મિક ભક્તો દશામાંની મૂર્તિની વિધિવત સ્થાપના કરતાં હોય છે.

નગરમાં હાલ ઠેર ઠેર દશામાંની મૂર્તિઓની દુકાનો ખુલી ગયેલ છે. મોટા મોટા હોલસેલ વ્યપારીયો દ્વારા દશામાંની મૂર્તિઓ માટે એડવાન્સ બુકિંગ પણ કરી લીધું છે. દર વર્ષ કરતાં વ્યાપારીઓને આ વર્ષે મૂર્તિઓ વધુ વેચાશે તેવી આશા લઈને બેઠા છે. માઁ દશામાંની મૂર્તિઓ ખૂબ જ નયનરમ્ય કલર ફૂલ અને આકર્ષક રંગોમાં અલગ અલગ ડિઝાઈનોમાં હાલ બજારમાં વેચવા માટે મૂર્તિકારો આવેલ છે. દશામાતાની મૂર્તિ માટે મૂર્તિકારોને હોલસેલ તેમજ રિટેલ માટે બુકીંગ પણ થઈ ગયેલ છે.

હાલ મૂર્તિના વેચાણમાં મંદી છે, પણ બુકિંગ કરેલ વ્યાપારી અને ભક્તોનો ઘસારો છેલ્લા બે દિવસમાં વધુ જોવા મળશે. નગરના લોકો તેમજ ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા લોકોને પણ માઁ દશામાં માં ખૂબ આસ્થા છે. તેથી ભાવિક ભક્તો પણ માઁ દશામાંના ઉત્સવને ઉજવવાની તૈયારીઓ માટે લાગી ગયેલ છે.

## ગોધરા-આણંદ રેલ્વે લાઈન ઉપર ટુવા પાસે માલગાડીનું એન્જીન ટ્રેક ઉપર ઉતરી જતાં ટ્રેન વ્યવહાર ખોરવાયો



ગોધરા,

ગોધરા-આણંદ રેલ્વે લાઈન ઉપર ટુવા રેલ્વે સ્ટેશન પાસે માલગાડીનું એન્જીન ટ્રેક ઉપર ઉતરી જતાં ગોધરા-આણંદ રેલ્વેની ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો.

ગોધરા-આણંદ રેલ્વે લાઈન ઉપર આવેલ ટુવા રેલ્વે સ્ટેશન પાસે આણંદથી મીઠું ભરી ગોધરા તરફ આવતી માલગાડીનું એન્જીન ટ્રેક ઉપરથી ઉતરી ગયું હતું. માલગાડીને ટુવા રેલ્વે સ્ટેશન પાસે બ્રેક નહિ લાગવાના કારણે માલગાડીને એન્જીન ધકકા ઉપર ધૂસી ગયું હતું. માલગાડીનું એન્જીન પાટા ઉપરથી ઉતરી જવાના બનાવને રેલ્વેના ઉચ્ચઅધિકારીઓ અને કેરેજ ગેગ મેન વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. માલગાડી ટ્રેક ઉપરથી ઉતરી જવાના કારણે આણંદ-ગોધરા વચ્ચેના ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો.

## પંચમહાલ જીલ્લામાં ડિજીટલ ઈન્ડિયા વીક ઉજવાશે

ગોધરા,

દેશભરમાં ડિજીટલ ઈન્ડિયા સપ્તાહની ઉજવણી અંતર્ગત પંચમહાલ જીલ્લામાં આગામી તા.૨૫ થી ૩૧ જુલાઈ સુધી ડિજીટલ ઈન્ડિયા વીક-૨૦૨૩ની ઉજવણી કરવામાં આવશે. પંચમહાલ જીલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ડિજીટલ ઈન્ડિયા સપ્તાહની ઉજવણી ડિજીટલ રીતે કરવામાં આવશે. તા.૨૬ થી ૩૧મી જુલાઈ દરમિયાન વેબકાસ્ટ, વીસી આધારિત સત્રો યોજાશે. આ સત્રમાં રાષ્ટ્રીય સ્તરના વક્તાઓ દ્વારા સાઈબર સિકયુરિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લોક ચેઈન, આઈ.ઓ.ટી. અને જી.આઈ.એસ. વગેરે વિષય ઉપર માહિતી આપવામાં આવશે. ડિજીટલ ઈન્ડિયા વીક-૨૦૨૩ સાથે જોડાવા માટે https://www.nic.in/diw2023-reg/ લિંક પર નામ નોંધણી સાથે રજીસ્ટ્રેશન કરી શકાશે. જીલ્લાના નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે, ઉપરોક્ત લિંક મારફતે આપ આપનું રજીસ્ટ્રેશન કરી શકો છો.


### ગુજરાત રાજ્ય
### નર્મદા જળ સંપતી પાણી પુરવઠા અને કલપસર વિભાગ જાહેર નિવેદા ૫ સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી કડાણા વિભાગ-ન.૧ દિવડા કોલોની તા-કડાણા, જી.મહિસાગર પીન ૩૮૯૨૫૦ ફોન ૦૨૬૭૫-૨૩૭૬૭૪ થી આથી રસ ધરાવતા જીએસટી નંબર તેમજ કાયમી ઈન્કમટેક્ષ નબર ધરાવતા વેપારીઓ પાસેથી નીચે જણાવ્યા મુજબની કામગીર પુરી પાડવા અંગેના એક વર્ષ સુધી અમલમાં રહે તે રીતે ટેન્ડર ભાવ નક્કી કરવા માટેના સીલબંધ ભાવ પત્રકો કાર્યપાલક ઈજનેરશ્રી કડાણા વિભાગ-૧ દિવડા કોલોની તા-કડાણા જી-મહિસાગર કચેરીએથી મંગાવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | ટેન્ડર ફી | ડીપોઝીટ ફી |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા ખાતેની કચેરીઓનુ ઝેરોક્ષનું કામ બાબત | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૨ | લુણાવાડા ખાતેની કચેરીઓનું કોમ્પ્યુટર જોબ વર્ક કામ બાબત | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૩ | દિવડા કોલોની ખાતેની કચેરીઓનુ ઝેરોક્ષનું કામ | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૪ | દિવડા કોલોની ખાતેની કચેરીઓનું કોમ્પ્યુટર જોબવર્કનું કામ | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૫ | કચેરીના વિવિધ કાર્યક્રમ માટે મંડપ ડેકોરેશન તથા લાઈટીંગની કામગીરી | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૬ | એ.સી. રીપેરીંગ તથા ઈનસ્ટોલેશનના ભાવ બાબત | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૭ | કચેરીના વિવિધ કાર્યક્રમ માટે વિડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી ના ભાવો | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૮ | નેમ પ્લેટ, સાઈનબોર્ડ, ઓફીસબોર્ડ, ઈન્કબનસી એકરેલીક બોર્ડ ના કામ બાબત | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| ૯ | કચેરીના જરૂરીયાત મુજબનું કલરકામ બાબત | ૬૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |

કોરા ભાવ પત્રક આપવાની છેલ્લી તા-૨૪-૦૭-૨૦૨૩ ના રોજ ૧૬-૦૦ કલાક સુધી અને ટેન્ડરના ભાવો ભરી પરત આર.પી.એ.ડી. થી સ્વીકારવાની છેલ્લી તા-૦૨-૦૮-૨૦૨૩ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી તેમજ ભાવપત્રકો ખેલવાની છેલ્લી તારીખ શક્ય હશે તો તેજ દિવસે ૧૭.૦૦ કલાકે અથવા બીજા દિવસે બપોરે ૧૨.૦૦ કલાકે.

નોંધ : ભાવ પત્રકના કવર ઉપર ક્રમ નંબર તથા કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

આ કામ માટે વિગતવાર વધુ માહીતી ઉકત કચેરીમાં જાહેર રજા સિવાયના દિવસોમાં આવા કામના અનુભવી ઈસમો વેપારીઓએ રૂબરૂમાં સંપર્ક કરી શકશે.

કાર્યપાલક ઈજનેર
કડાણા વિભાગ નં.૧
દિવડા કોલોની

માહિતી/ગોધરા/૩૧૨/૨૦૨૩



### દે.બારીઆના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.દેવગઢબારીઆ

નં.જન્મ/મરણ/અ.નં./વશી ૪૩૫/૨૦૨૩

અરજદાર : કોળી માસુખભાઈ સુરસીંગભાઈ
રહે :- આંકલી, તા.દેવ.બારીઆ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, આંકલી.

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત સબંધ ધરાવાતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણ કરવામાં આવે છે કે, સદર હું બાબતના અરજદાર, કોળી માસુખભાઈ સુરસીંગભાઈએ તેઓની માતા નામે કોળી ધનીબેન સુરસીંગભાઈનું મરણ તા.૨૮/૦૬/૨૦૧૬ના રોજ મુ.આંકલી, તા.દેવ.બારીઆ, જી.દાહોદ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી, અરજદારે તેઓના માતાની મરણ નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદ્દત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજુ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩ મી જુલાઈ ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
દેવગઢ બારીઆ



### દે.બારીઆના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.દેવગઢબારીઆ

નં.જન્મ/મરણ/અ.નં./વશી ૪૩૩/૨૦૨૩

અરજદાર : બારીયા શારદાબેન દલપતસિંહ
રહે :- દેવ.બારીઆ, તા.દેવ.બારીઆ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કોળીના પુવાડા/સાગારામા

-:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત સબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, સદરહુ બાબતના અરજદાર, બારીયા શારદાબેન દલપતસિંગએ તેઓના ભાભી નામે કોળી સુકીબેન નાનાભાઈનું મરણ તા.૨૦/૦૩/૨૦૧૪ ના રોજ તથા તેઓના ભાભી નામે કોળી સમજુબેન મોનાભાઈનું મરણ તા.૧૦/૦૭/૨૦૧૭ ના રોજ તથા તેઓના કાકી નામે કોળી લાછુડીબેન નાથાભાઈનું મરણ તા.૨૫/૦૫/૨૦૧૫ ના રોજ તથા તેઓના ભાભી નામે કોળી જતનીબેન દલાભાઈનું મરણ તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ મુ.કોળીના પુવાડા તથા તેઓની કાકાની પુત્રી બહેન નામે બારીઆ નુરીબેન સોમાભાઈનું મરણ તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ મુ.સાગારામા તા.દેવ.બારીયા તથા તેઓના ભાભી નામે કોળી નાયડીબેન નાનાભાઈનું મરણ તા.૨૬/૦૫/૨૦૧૭ ના રોજ મું.કોળીના પુવાડા, તા.દેવ.બારીઆ જી.દાહોદ ખાતે થયેલ તેવુ અમારી સમક્ષ જાહેર કરી, અરજદારે તેઓના ભાભીઓ/કાકી/કાકાની પુત્રી બહેનની મરણની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદરહુ અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજુ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩મી જૂલાઈ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
દેવગઢ બારીઆ



### જાહેર નોટીસ
### એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદાર : વણકર દાંનીબેન ઉર્ફે દોલતબેન સોમાભાઈ
રહે :- બાહી, તા.શહેરા, જી.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, નરસાણા, તા.શહેરા, જી.પંચમહાલ

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રી નામે વણકર દાંનીબેન દેવાભાઈનું તા.૧૫/૧૦/૧૯૪૨ ના રોજ મોજે.નરસાણા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પોતે જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૬૬/૨૦૨૩ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા. ૧૦ માહે જુલાઈ સને ૨૦૨૩ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર શહેરા